# કોરોના વાઈરસનો કહેર વધતા પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો

## ભિલોડા તાલુકાના પાલ્લા ગામના સમાજ સેવક કોરોનામાં સપડાયા બાદ સારવાર દરમિયાન મોત નિપજ્યું

ભિલોડા,તા.૭

કોરોના વાઈરસનો કહેર દિન-પ્રતિ-દિન ગ્રામ્ય વિસ્તારોમાં વધતા પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે.અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના પાલ્લા ગામના સમાજ સેવક,પાલ્લા હાઈસ્કુલના આચાર્ય,અરવલ્લી જીલ્લા ભાજપ સંગઠન મંત્રી, ગજાનંદભાઈ સુકાભાઈ પ્રજાપતિ કોરોના વાઈરસની ભયંકર મહામારી દરમ્યાન છેલ્લા ૨૦ દિવસથી સપડાયા હોઈ



અમદાવાદ ખાતે પ્રાઈવેટ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા પરંતુ તેઓનું સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું.

કોરોના વાઈરસની મહામારી દરમ્યાન સંક્રમણ ગ્રામ્ય વિસ્તારોમાં ધીમે ધીમે વધી રહ્યું છે પરંતુ બેદરકાર અમુક લોકો મોઢા પર માસ્ક પણ બાંધતા નથી બજારોમાં બિન્દાસ્ત રીતે બેરોકટોક ફરતા હોય છે.કોરોના વાઈરસનું સંક્રમણ દિન-પ્રતિ-દિન વધતુ જાય છે.

# શંકરભાઈ ચૌધરીનો સહકારી ક્ષેત્રે દબદબો : બનાસડેરીનું બોર્ડ બિનહરીફ

સમગ્ર રાજ્યમાં ચર્ચાના ચગડોળે ચડેલી એશિયાની નંબર વન બનાસ ડેરીની ચૂંટણીમાં પૂર્વ



મંત્રી અને બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીની પેનલ બિનહરીફ થતા છેલ્લા ઘણા સમયથી ચાલતા ઘમાસાણનો સુખદ અંત આવ્યો છે. જેથી રાજકીય અને સહકારી ક્ષેત્રના શંકરભાઈ ચૌધરી અઠંગ ખેલાડી પુરવાર થયા છે.

બનાસ ડેરીની ચૂંટણીમાં આ વખતે ભાજપનો આંતરિક વિખવાદ સપાટી ઉપર આવી ગયો હતો. પણ વિચિક્ષણ બુદ્ધિમતા ધરાવતા શંકરભાઈ ચૌધરીની કાબેલિયતના કારણે ફોર્મ ભરવાના છેલ્લા દિવસે ૧૬ પૈકી ૯ બેઠક બિનહરીફ થઈ હતી તેથી બોર્ડ બિનહરીફ થવા તરફ અગ્રેસર હતું ત્યારે ફોર્મ પરત ખેંચવાની અંતીમ મુદત સુધીમાં



સાંસદ પરબત પટેલ, પૂર્વ ચેરમેન પરથી ભટોળ, કે.પી. ચૌધરી અને માવજી દેસાઈ જેવા દિગ્ગજોએ પણ ચૂંટણીનું રણ મેદાન છોડી દીધું હતુ જેથી આખું બોર્ડ બિનહરીફ થતા બનાસ ડેરીના ઈતિહાસમાં નવો અધ્યાય આલેખાયો હતો.

### બનાસ ડેરીના નિયામક મંડળના સભ્યો

| | |
|---|---|
| રાધનપુર | શંકરભાઈ ચૌધરી |
| સાંતલપુર | રાધાભાઈ આહિર |
| કાંકરેજ | અણદાભાઈ પટેલ |
| વડગામ | દિનેશભાઈ ભટોળ |
| દાંતીવાડા | પરથીભાઈ ચૌધરી |
| ધાનેરા | જોઈતાભાઈ પટેલ |
| દિયોદર | ઈશ્વરભાઈ પટેલ |
| ભાભર | શામતાભાઈ પટેલ |
| વાવ | રાયમલભાઈ ચૌધરી |
| થરાદ | પરબતભાઈ પટેલ |
| દાંતા | દિલીપસિંહ બારડ |
| અમીરગઢ | ભાવાભાઈ રબારી |
| પાલનપુર | ભરતભાઈ પટેલ |
| લાખણી | ધુડાભાઈ પટેલ |
| સુઈગામ | મુળજીભાઈ પટેલ |
| ડીસા | રામજીભાઈ ગુંજોર |

### નિઃસહાય વાહનચાલક... નિર્દયી અરવલ્લી ટ્રાફિક પોલીસ

# મસ્જિદમાં ભીખ માંગી જીવનનિર્વાહ કરતા ફકીર બાઈકચાલકને ૯.૫ હજાર દંડ ફટકારતા ચિલ્લર સાથે દંડ ભરવા પહોંચ્યો

અરવલ્લી જીલ્લાના મુખ્ય અને અંતરિયાળ માર્ગો પર આરટીઓ તંત્ર અને ટ્રાફિક પોલીસતંત્રની મીલીભગતથી ખાનગી વાહનચાલકો બિન્દાસ્ત જીલ્લાના મુખ્ય અને અંતરિયાળ માર્ગો પર ખીચોખીચ મુસાફરો ભરી



અને છત પર મુસાફરો બેસાડી ખુલ્લેઆમ પસાર થઈ રહ્યા છે, બીજી બાજુ ટ્રાફિક પોલીસ મોટર વિહકલ એક્ટ-૨૦૧૯માં સુધારો કરી નિયમો અમલવારીમાં મુકાયા છે, ત્યારે ટ્રાફિકના આ નિયમોની અમલવારીમાં પણ વ્હાલા દવાલાની નીતિ ચાલી રહી હોય તેમ ગરીબ વાહનચાલકોને દંડવામાં આવી રહ્યા હોવાની બૂમો ઉઠી રહી છે. અરવલ્લી ટ્રાફિક પોલીસે મેઘરજની મસ્જિદમાં કામ કરતા બાઈક લઈ પસાર થતા ફકીરને ટ્રાફિકના નિયમનો ભંગ બદલ ૯.૫ હજાર રૂપિયાનો દંડ ફટકારતા વાહનચાલકે આજીજી કરવા છતાં મેમો આપી દેતા રીતસરનો રડમસ બન્યો હતો, લોકો પાસેથી માંગી એકઠી કરેલ ચીલ્લર લઈ મોડાસા આરટીઓ કચેરીમાં પહોંચ્યો હતો. મોડાસા આરટીઓ કચેરીમાંથી આ દંડ હિંમતનગર આરટીઓ કચેરીમાં ભરવો પડશેનું જણાવતા બાઈક ચાલક નિઃસહાય હાલતમાં મુકાયો હતો.

મેઘરજની મસ્જિદમાં કામ કરતા અને માંગણ તરીકે જીવનનિર્વાહ

સિકંદરશા કાલુશા ફકીર ગત રોજ બાઈક લઈ મોડાસા કામકાજ અર્થે આવી મેઘરજ પરત ફરતા રોડ પર ટ્રાફિકના નિયમન માટે ઉભેલ ટ્રાફિક પોલીસે સિકંદરશાને અને અન્ય પાંચ જેટલા બાઈક ચાલકોને અટકાવી દંડની કાર્યવાહી હાથ ધરી હતી જેમાં અન્ય ચાર બાઈક ચાલકોને ૫૦૦ રૂપિયા અને સિકંદરશાને રૂ. ૯૫૦૦ ટ્રાફિકનીયમન ભંગ મુજબ દંડ ફટકારતા બાઈક ચાલકે પોલીસને તેને પણ ૫૦૦ રૂપિયા દંડ આપવા આજીજી કરવા છતાં ટ્રાફિક પોલીસે દંડની રકમ ઓછી કરવાના બદલે ૯.૫ હજારનો મેમો પકડાવી દેતા સિકંદરશા નિઃસહાય બન્યો હતો દંડની રકમ ભરવા માટે લોકો પાસેથી એક એક રૂપિયો માંગી એકઠી કરેલ ચિલ્લર કોથળામાં લઈ મોડાસા આરટીઓ કચેરીમાં પહોંચ્યો હતો. આરટીઓ કચેરીમાં કામકાજ અર્થે આવેલ લોકો પણ સિકંદરશાને ચિલ્લર ગણાતા જોઈ એકઠા થઈ ગયા હતા તેની આપવીતી સાંભળી લોકોમાં પણ ભારે ગુસ્સો જોવા મળ્યો હતો.

### બાઈકચાલક સિકંદરશા દિવાન મોડાસા આરટીઓ કચેરીમાં

ચિલ્લર સાથે દંડ ભરવા પહોંચતા આરટીઓ કચેરી દ્વારા આ દંડ હિંમતનગર આરટીઓ કચેરીએ ભરવાનું જણાવતા સિકંદરશા પર વધુ એક આફત આવી પહોંચી હતી અને ચિલ્લર સાથે હિંમતનગર જવા રવાના થયા હતા ત્યારે આ ગરીબ બાઈક ચાલક સામે દંડની રકમ ઓછી કરવામાં તંત્ર માનવતા દાખવે તે ખુબ જરૂરી છે.

### મોડાસાનું ગૌરવ

હેમચંદ્રાચાર્ય નોર્થ ગુજરાત યુનિવર્સિટી દ્વારા વર્ષ-૨૦૨૦માં



લેવામાં આવેલ બી.કોમ. સેમિસ્ટર-૬ની પરીક્ષામાં શ્રી એચ.એસ.શાહ કોમર્સ કોલેજ મોડાસાના વિદ્યાર્થી મુહમ્મદ મોહમ્મદ જમાલ મેઘરેજી જેઓએ કોલેજમાં પ્રથમ ક્રમ મેળવી કોલેજ અને સમાજનું ગૌરવ વધાર્યુ છે.

### ધનસુરામાં કોરોના સંક્રમણના કારણે ધંધા રોજગારને માઠી અસર

ધનસુરા નગરમાં છેલ્લા કેટલાય સમયથી કોરોનાના કારણે ધંધા-રોજગારને માઠી અસર થઈ રહી છે, લોકો આર્થિક સંકળામણ ભોગવી રહ્યા છે. કોરોનાના ભયના કારણે લોકો બહાર નીકળવાનું ટાળે છે. બજારો સુમસામ લાગે છે, વેપારીઓના ધંધાને માઠી અસર થઈ રહી છે, નાના વેપારીઓ સલૂનના ધંધા મૃતપાય અવસ્થામાં છે, ડરના માર્યા શ્રમજીવીઓ મજૂરી જતા ખચકાય છે, માસ્ક પહેરવામાં શરમાતા હોય તે મોટાભાગના લોકો ખાસ કરીને યુવાનો ખુલ્લેઆમ ફરે છે.

# ટેકાના ભાવ જેટલો ભાવ માર્કેટયાર્ડમાં મળી રહેતા અરવલ્લી જિલ્લાના ખેડૂતોને હૈયે હાશકારો

ખેડૂતોને મગફળીના બજાર કિંમત કરતા વધુ ભાવ મળી રહે તે રાજ્ય સરકાર દ્વારા ટેકાના ભાવ પ્રતિ ૨૦ કિલોએ ૧૦૫૦ રૂપિયાના ભાવે ટેકાના ભાવથી મગફળી ખરીદ કરવા નિર્ણય લેવામાં આવ્યો હતો. અરવલ્લી જીલ્લા સહિત રાજ્યભરમાં ટેકાના ભાવે મગફળીની ટેકાના ભાવે મગફળી ખરીદી માટે ૧ ઓક્ટોમ્બરથી નોંધણી શરૂ કરી દેવામાં આવી છે, નોંધણી કરાવવામાં પડતી પારાવાર મુશ્કેલીઓ, મોડું ચુકવણું અને મગફળી સંગ્રહની પરોજણના પગલે મોટા ભાગના ખેડૂતો માર્કેટયાર્ડમાં મગફળી વેચી દેવા મજબુર બને છે. જીલ્લામાં ચાલુ વર્ષે મગફળીનું વાવેતર મોટા પ્રમાણમાં કરવામાં આવ્યું હતુ પરંતુ અપૂરતા વરસાદના પગલે ઉત્પાદન ઘટાડો જોવા મળી રહ્યો છે, હાલ માર્કેટયાર્ડમાં ખેડૂતોને મગફળીના પ્રતિ કિલોએ રૂ. ૯૫૦ થી ૧૧૦૦ રૂપિયા જેટલો ભાવ મળી રહેતા



ખેડૂતો મોટી સંખ્યામાં માર્કેટયાર્ડમાં વેચાણ અર્થે પહોંચી રહ્યા છે. ટેકાના ભાવની આસપાસ મગફળીનો ભાવ માર્કેટયાર્ડમાં મળી રહેતા ખેડૂતોમાં આનંદ છવાયો છે.

સરકારે ૧૦૫૦ રૂપિયા ટેકાના ભાવે મગફળી ખરીદવાની જાહેરાત કરવાની સાથે હાલ રજીસ્ટ્રેશન કરવામાં આવી રહ્યું છે. ટેકાના ભાવે મગફળી વેચાણ કર્યા પછી સરકારે નક્કી કરેલ એજન્સી તરફથી સમયસર નાણાં ન ચુકવાતા હોવાનું ખેડૂતો માની રહ્યા છે. દિવાળીના તહેવારો અને શિયાળુ ખેતી માટે નાણાંની તાતી જરૂરિયાત સર્જાતી હોવાથી ખેડૂતો માર્કેટયાર્ડમાં હરાજીમાં મગફળી વેચવા મજબુર બનતા હોય છે ત્યારે ચાલુ સાલે માર્કેટયાર્ડમાં ખેડૂતોને મગફળીના પોષણક્ષમ ભાવ મળી રહેતા અરવલ્લી જીલ્લાના ખેડૂતોએ હૈયે હાશકારો અનુભવ્યો છે. મોડાસા માર્કેટયાર્ડમાં સરકારે જાહેર કરેલ ટેકાના પ્રતી મણ ૧૦૫૦ રૂપિયા સામે ખેડૂતોની મગફળીની ગુણવત્તા પ્રમાણે મણે રૂ.૯૫૦ થી ૧૧૦૦ રૂપિયા મળી રહેતા ખેડૂતો મોટી સંખ્યામાં માર્કેટયાર્ડમાં મગફળી માટે પહોંચી રહ્યા છે

ગત વર્ષની સરખામણીમાં ચાલુ વર્ષે મગફળીનું વાવેતર કરનાર ખેડૂતોને ફાયદો થયો છે કોરોનાની મહામારીમાં હજુ પણ માર્કેટ પુર્વરત થઈ નથી સંપૂર્ણ બજાર ખુલી ગયા પછી મગફળીના ભાવમાં વધારો થઈ શકે છે તેવું માની મોટા ખેડૂતો મગફળીના વેચાણ માટે રાહ જોઈ રહ્યા છે.

### થોડીક જાગૃતતા, જિંદગીભરની સલામતી

# પ્રાંતિજ ખાતે વિજકંપની દ્વારા વીજ અકસ્માત જાગૃતિ અંગેના ઠેર-ઠેર હોર્ડિંગ્સ લાગ્યા

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વિજકંપની દ્વારા વીજઅકસ્માત જાગૃતિ અંગેના ઠેર-ઠેર હોર્ડિંગ્સ લગાડવામાં આવ્યા હતા.

થોડીક જાગૃતતા, જિંદગીભરની સલામતી સાથે પ્રાંતિજ ખાતે ઉત્તર ગુજરાત વિજ કંપની દ્વારા પ્રાંતિજ નાનીભાગોળ, ભાખરીયા બસસ્ટેન્ડ પાસે, એપ્રોચ રોડ હરીઓમ પાર્ક સોસાયટી, પ્રાંતિજનગર પંચાયત આગળ, બજાર ચોક સહિતના વિવિધ વિસ્તારોમાં વીજ અકસ્માત નિવારણના ઉપાયો સાથે ઠેરઠેર પ્રાંતિજમાં હોર્ડિંગ્સ લગાવવામાં આવ્યા જેમાં વીજ અકસ્માતથી કેવી રીતે બચી શકીએ છીએ તે વિષે જાગૃતતા જિંદગીભરની સલામતીના હોર્ડિંગ્સ બોર્ડ લાગતા લોકોમાં જાગૃતિ તો આવશે ત્યારે ઉત્તર ગુજરાત વિજકંપની લિમિટેડની વીજ અકસ્માત નિવારણના ઉપાયો સાથે લાગેલા હોર્ડિંગ્સથી લોકોમાં ખરેખર જાગૃતિ આવશે તેમ કહીએ તો નવાઈ નહી.




# હિંમતનગર પાલિકા દ્વારા ૧૦ કરોડના વિકાસ કામો કરાશે

હિંમતનગર, તા. ૭

સાબરકાંઠા સહિત ગુજરાતમાં ચોમાસુ વિદાય લઈ રહ્યુ છે ત્યારે ચોમાસામાં અનેક ઠેકાણે રોડ રસ્તાઓ વરસાદી પાણીથી ધોવાઈ ગયા હતા. જેને લઈને પ્રજાને અવરજવર કરવામાં ખુબજ મુશ્કેલી પડતી હતી. દરમિયાન હિંમતનગર પાલિકાની હદમાં લગભગ રૂ.૧૦ કરોડના ખર્ચે વિકાસ કામો શરૂ કરવાનું નક્કી કરાયુ છે અને મંગળવારે મહાવીરનગર વિસ્તારના ઉમિયા વિજય ટીપી રોડને ડામરરોડ બનાવવાનું કામ શરૂ કરાયુ છે. જોકે દિવાળી અગાઉ શહેરના અનેક રસ્તાઓનું સમારકામ કરાશે.

આ અંગે પાલિકાના ચીફઓફીસર યશપાલસિંહ વાઘેલાના જણાવાયા મુજબ ચોમાસા બાદ શહેરના અનેક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ રહેવાને કારણે તે રસ્તાઓ ઉપયોગમાં લેવા લાયક રહ્યા ન હતા. જે અંગે સ્થાનિક લોકોએ કરેલી રજુઆત બાદ નગરપાલિકાના સત્તાવાળાઓએ રસ્તાઓનું સમારકામ તથા નવિન રોડ બનાવવા માટે રાજ્ય અને કેન્દ્ર સરકારમાંથી મળતી ગ્રાન્ટ મેળવવા માટે અગાઉથી જ રજુઆત કરી હતી. જે મુજબ તાજેતરમાં નગરપાલિકાને રાજ્ય સરકાર ધ્વારા રસ્તાઓના સમારકામ માટે લગભગ ૨.૫૦ કરોડથી વધુની ગ્રાન્ટ નગરપાલિકાને મળી છે. જેમાંથી તબક્કાવાર જરૂરીયાત મુજબ રોડ રસ્તા સહિત અન્ય વિકાસકામોને પ્રાધાન્ય આપીને હિંમતનગર વાસીઓની સુવિધાઓ વધારવા પ્રયાસ કરાશે.

# સાંતલપુર નજીક ટ્રેલર પલટી જતા હોમગાર્ડ જવાનનું મોત

અનલોક બાદ માર્ગ અકસ્માતોની સંખ્યામાં ચિંતાજનક હદે વધારો થવા પામ્યો છે. વધુ એક બનાવમાં મંગળવારે સવારે સાંતલપુર નજીકના હાઈવે પર માર્ગ ઉપર ટ્રેલર અચાનક પલટી મારી જતાં હોમગાર્ડ જવાનનું મોત થતાં અરેરાટી મચી ગઈ છે. આ તરફ ઘટનાને લઈ સ્થાનિકો સહિત વાહનચાલકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. ઘટનાની જાણ થતાં દોડી આવેલી પોલીસે મૃતકની લાશને પોસ્ટમોર્ટમ અંગે મોકલી આપી વધુ તપાસ હાથ ધરી છે.

પાટણ જીલ્લાના સાંતલપુર તાલુકાના પર ગામના પાટીયા પાસે સવારે અકસ્માત સર્જાયો હતો. જેમાં ટાઈલ્સ ભરેલુ ટ્રેલર કચ્છથી રાજસ્થાન જઈ રહ્યુ હતુ. આ દરમ્યાન પર ગામના પાટીયા પાસે ઉભેલા અને બોર્ડીંગમાં ફરજ બજાવતાં હોમગાર્ડ જવાનને ટ્રેલરે ટક્કર મારી હતી. જેમાં ગંભીર ઈજાઓને કારણે જવાનનું મોત થયુ છે. આ તરફ ટ્રેલર પલટી મારી જતાં અંદર ભરેલ ટાઈલ્સ સહિતનો સામાન વિખેરાઈ ગયો હતો. ઘટનાને લઈ સાંતલપુર પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

# ભિલોડા તાલુકાના ધંબોલીયા, પાલ્લા ગામ સહિત ગ્રામ્ય વિસ્તારોમાં મોબાઈલ નેટવર્કના ધાંધિયા

ભિલોડા,તા.૬

૨૧મી સદીના હાઈટેક યુગમાં ડિજીટલ યુગ તરફ ભારત દેશ આગળ વધી રહ્યો છે.મોબાઈલ નેટવર્કના ધાંધિયા હોઈ મોબાઈલ ધારકો ભારે મુંઝવણમાં મુંકાયા છે.અંતરિયાળ ડુંગરાળ ગ્રામ્ય વિસ્તારોમાં બિલકુલ મોબાઈલ નેટવર્ક મોબાઈલ ધારકોને મળતુ નથી તેમ આધારભુત સુત્રો ધ્વારા જાણવા મળેલ છે. ઈમરજન્સી કામકાજ દરમ્યાન મોબાઈલમાં પર્યાપ્ત બેલેન્સ હોવા છતાં નેટવર્કની ભયંકર સમસ્યા હોવાના કારણે મોબાઈલ ધારકો ભારે મુશ્કેલીમાં મુંકાતા હોય છે.

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ધંબોલીયા, પાલ્લા ગામ સહિત આજુ-બાજુના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં મોબાઈલ નેટવર્કની ભારે સમસ્યા દિન પ્રતિ-દિન વધતા મોબાઈલ ધારકો હેરાન પરેશાન થઈ રહ્યા છે.ધંબોલીયા ગામના વિજયસિંહ એસ. રાઠોડ સહિત મોબાઈલ ધારકોએ જણાવ્યું હતું કે મોબાઈલમાં વાતચીત દરમ્યાન કોલ ડ્રોપ થવો, ચોખ્ખી વાત ન થવી, ઈન્ટરનેટની કનેકટીવીટી વારંવાર ખોરવાતા મોબાઈલ ધારકો છેલ્લા કેટલાક સમયથી હેરાન પરેશાન થઈ રહ્યા છે. બી.એસ.એન.એલ., વોડાફોન, આઈડીયા, એરટેલ, જીઓ સહિત વિવિધ કંપનીઓમાં વારંવાર ઈન્ટરનેટની સ્પીડ ઓછી આવતી હોય છે. મોબાઈલ નેટવર્ક ધરાવતી તમામ કંપનીઓ ધ્વારા મોબાઈલ ધારકોને તેઓના મોબાઈલમાં પુરતા પ્રમાણમાં મોબાઈલ ટાવરની ફ્રીકવન્સી આપવી જોઈએ તેવી માંગણી પ્રવર્તી છે. મોબાઈલ નેટવર્ક ધરાવતી વિવિધ કંપનીઓ સમયસર મોબાઈલ ધારકોને યોગ્ય નેટવર્ક પુરૂ પાડવામાં આવે તેવી મોબાઈલ ધારકોની માંગ છે.

કોરોના વાઈરસની મહામારી દરમ્યાન શાળા,કોલેજો બંધ હોઈ ઓન લાઈન અભ્યાસક્રમ ચાલતો હોઈ ઈન્ટરનેટ આફત બન્યું છે ત્યારે શિક્ષણ ખોરવાઈ રહ્યું છે. વિદ્યાર્થીઓ અને વાલીઓ ભારે મુઝવણમાં મુંકાયા છે. ગ્રામ્ય વિસ્તારોમાં વિદ્યાર્થીઓનો અંતર્નાદ ઓન લાઈન શિક્ષણ પહેલા યોગ્ય નેટવર્ક આપો તેવી માંગણી છે.

### બેંકિંગ ફ્રોડ અટકાવવા અરવલ્લી પોલીસની નવી પહેલ

# માલપુર પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં જનજાગૃતિ બેનર લગાવ્યા

ઈન્ટરનેટ અને મોબાઈલના યુગમાં સાયબર ક્રાઈમના ગુન્હાઓ આકાશે આંબી રહ્યા છે. નેટ બેંકિંગ, ડેબિટ, ક્રેડીટ ધારકો




પાસેથી નિતનવા નુસ્ખા અપનાવી સાયબર ગઠિયાઓ લોકોને ઉલ્લુ બનાવી હજ્જારો-લાખ્ખો રૂપિયા ઠગી લેતા હોય છે, હાલ સમગ્ર દેશમાં કોરોનાની મહામારીના કારણે ધંધા, રોજગાર વેપારમાં મંદીનું વાતાવરણ જોવા મળી રહ્યું છે ત્યારે અનેક સાયબર ક્રાઈમ સાથે સંકળાયેલ ટોળકી લોકોને ખંખેરી રહી છે. અરવલ્લી જીલ્લામાં બેંકિંગ ફ્રોડની ઘટનાઓમાં દિનપ્રતિદિન વધારો જોવા મળી રહ્યો છે, આવા બનાવો અટકાવવા જીલ્લા પોલીસતંત્રએ નવી પહેલ કરી લોકોમાં સાયબર ક્રાઈમ અને બેંકિંગ ફ્રોડનો ભોગ ન બને તે માટે જનજાગૃતિ બેનર લગાવવામાં આવી રહ્યા છે. માલપુર પોલીસે સ્ટેશન હદ વિસ્તારમાં અનેક બેનર લગાવ્યા છે.

જીલ્લા પોલીસવડા સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ માલપુર પોલીસ સ્ટેશનના પીએસઆઈ એન.એમ. સોલંકી અને તેમની ટીમે 'સજાગ રહો સચેત રહો' અને 'આપની સુરક્ષા આપની સમજદારી માંજ છે' સ્લોગન હેઠળ સાયબર ક્રાઈમ અને બેંકિંગ ફ્રોડ અટકાવવા માટે પેટ્રોલપંપ, જાહેર સ્થળોએ તેમજ ભીડભાડવાળા એરિયામાં અને ખાસ કરી ગ્રામ્ય વિસ્તારોમાં બેનર લગાવી લોકોમાં જનજાગૃતિ માટે બેનર લગાવવામાં આવ્યા છે જેમાં ડેબિટ ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરતી વખતે સાવચેતી રાખવી અજાણ્યા વ્યક્તિઓ અને ફોનધારકો સાથે ઓટીપી, પીન નંબર શેર કરવા નહિ સહીત અનેક સૂચનાઓ દર્શાવાતા બેનર લાગવામાં આવ્યા છે અરવલ્લી જિલ્લા સહીત માલપુર પોલીસની કામગીરીની લોકોએ સરાહના કરી હતી.



# બાયડના યુવાને 'બાયડની ગાથા' નામનું ગીત લોન્ચ કર્યુ

બાયડ નગરમાં આવેલા પ્રાચીન સ્મારકો, મંદિરો અને નગરની આગવી ઓળખ ઉભી કરતી ગલીઓ વગેરે બાબતો વણીને 'બાયડની ગાથા' નામનું ગીત બાયડ નગરના યુવાનોએ તૈયાર કર્યુ છે. જેને શનિવારના રોજ જીલ્લા પોલીસ અધિક્ષકના હસ્તે લોન્ચ કરવામાં આવ્યું હતું. બાયડનગરના યુવાનો સ્મિત પટેલ, જીતકુમાર બ્રહ્મભટ્ટ મન ભરવાડની ત્રિપુટીએ આ ગીત તૈયાર કર્યુ હતું. આ ગીતનો અવાજ સ્મિત પટેલનો છે. આ ગીતમાંથી થનાર આવક વૃદ્ધાશ્રમમાં આપવામાં આવનાર છે તેમ યુવાનોએ જણાવ્યું હતું.

# ડીસામાં ચોરીના બાઈક સાથે આરોપી ઝડપાયો

ડીસા, તા. ૭

રાજસ્થાનને અડીને આવેલા બનાસકાંઠા જિલ્લામાં વાહન ચોરીના બનાવો વધી પડ્યા હતા. જેથી જિલ્લા પોલીસ વડાના આદેશથી બનાસકાંઠા એલ.સી.બી. પોલીસે બાતમી આધારે બાઈક ચોરી કેસમાં સફળતા મેળવી છે. ડીસા રૂરલ પોલીસ સ્ટેશને નોંધાયેલા બાઈક ચોરી કેસમાં પોલીસે બાતમી આધારે એક ઈસમની અટકાયત કરી છે. આ સાથે આરોપી પાસેથી ચોરીનું બાઈક પણ જપ્ત કર્યુ છે. કોરોનાકાળમાં ચોરીના વધતાં બનાવો વચ્ચે એલ.સી.બી.એ બાઈકચોરી કેસમાં સફળતા મેળવી છે.

# બનાસકાંઠામાં કોરોનાના ૨૯ પોઝિટિવ કેસ

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં બુધવારે કોરોનાના ૨૯ પોઝિટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૨૧૧૧ પહોંચી ગઈ છે. કુલ મૃત્યુઆંક ૫૭ પહોંચ્યો છે.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનું સંક્રમણ દિન પ્રતિદિન ગંભીર હદે વધી રહ્યું છે.જ્યાં બુધવારે કોરોનાના ૨૯ પોઝિટિવ કેસ નોંધાયા હતા.

જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૨૧૧૧ પહોંચી ગઈ છે. કુલ મૃત્યુઆંક ૫૭ પહોંચ્યો છે. આ અંગે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જણાવ્યું હતું કે, પાલનપુર ૧૫, ડીસા ૦૫, ધાનેરા ૦૨, કાંકરેજ ૦૧, દિયોદર ૦૨, ભાભર ૦૧, થરાદ ૦૨, વાવ ૦૧ કેસ નોંધાયા હતા. એન્ટીજન ૧૩૦૮ સેમ્પલમાં ૨૯ નો પોઝિટિવ રિપોર્ટ આવ્યો હતો.

# વડગામના સહકારી આગેવાન કેસરભાઈ ચૌધરી ડેરીની ચૂંટણીમાં ફોર્મ પરત ખેચતા તર્કવિતર્ક

વડગામ માર્કેટયાર્ડના ચેરમેન કેશરભાઈ ચૌધરી દ્વારા એશિયાની નંબર વન ગણાતી બનાસ ડેરીના ડીરેકટર માટે ની ચુંટણીમાં ઉમેદવારી ફોર્મ ભર્યુ હતું.

જે ફોર્મ ઉમેદવારી પરત ખેંચવાના છેલ્લા દિવસે વડગામ વિભાગ માંથી ડેરીના ડીરેકટર માટે ઉમેદવારી કરી હતી પરંતુ ફોર્મ પરત ખેંચવાના છેલ્લા દિવસે વડગામ માર્કેટયાર્ડના ચેરમેન કેશરભાઈ ચૌધરી એ વડગામ વિભાગ માં થી બનાસડેરીની ચુંટણી માં પોતાની ઉમેદવારી પરત ખેંચતા ભાજપના દિગ્ગજ નેતા શંકરભાઈ ચૌધરીની પેનલના દિનેશભાઈ ભટોળ બિન હરીફ થયા છે.જયારે પાલનપુર બેઠક ઉપર થી બનાસડેરીના પૂર્વ ચેરમેન પરથીભાઈ ભટોળ ને પણ પોતાની ઉમેદવારી પાછી ખેંચી હતી.જયારે માવજીભાઈ દેસાઈ એ પણ ઉમેદવારી પરત ખેચી હતી.આજે ભાજપના દિગ્ગજ નેતા શંકરભાઈ ચૌધરીની આગેવાનીમાં બનાસડેરીના ૧૬ એ ૧૬ ડીરેકટરો બિન હરીફ થતાં એશિયાની વન ગણાતી બનાસડેરી સમરસ બની છે.